# મનીષ વી. સોજીત્રા

S-1

(ટેક્ષેશન & ઈન્ડસ્ટ્રીયલ કન્સલટન્ટ)

૬૦૪/૬૦૫,સ્ટાર પ્લાઝા,
ફુલછાબ ચોક,
રાજકોટ.
ફોન નં.૩૨૯૧૬૭૮

૯,મરીયમબાગ,૧લો માળે,
મોંઘીબા ગર્લ્સ સ્કુલ સામે,
ગોંડલ.મો.૯૮૨૫૨ ૨૦૬૭૮
ફોનનં. ૨૩૦૬૭૮/૨૨૦૬૭૮

---

પ્રતિશ્રી, ____________________

____________________

____________________

આ સાથે આપની પેઢીના ટીન નંબર તેમજ કેન્દ્રીય વેચાણવેરા નોંધણીના અસલ પ્રમાણપત્ર સામેલ છે. તે સાથે નોંધાયેલ વેપારી તરીકે આપે નીચેની વિગતો ખાસ ધ્યાને લેવા વિનંતી છે.

૧, આપનો નોંધણી નંબર તા.__________થી અમલી બનતો હોવાથી આપ તા. ________થી તા.__________સુધીની મુદતના પ્રથમ માસીક/ત્રિમાસીક ખરીદ વેચાણના આંકડા તા.__________ સુધીની મુદત પહેલા અમોને મોકલી આપવાના રહેશે. અન્યથા આપને માસીક રૂા. ૨૦૦/– નો દંડ લાગુ થશે.

૨, ત્યારબાદ જો આપ વર્ષ દરમ્યાન રૂા. ૬૦,૦૦૦/– કરતા વધુ વેરો ભરપાઈ કરશો અથવા આપ એકસ્પોર્ટ/ઈમ્પોર્ટ કરશો તો તે પછીના માસથી આપને માસીક વેરો ભરવાની તથા માસીક ખરીદ–વેચાણના આંકડા રજૂ કરવાની જવાબદારી ઉપસ્થિત થશે જેની ખાસ નોંધ રાખવી. અન્યથા ત્રિમાસીક પત્રક/વેરો ભરવાના રહેશે.

૩, આપે આપના વેચાણ બીલ બુકમાં આપનો ઉકત વેટ/કેન્દ્રીય વેચાણવેરા નંબર તથા અમલી તારીખ છપાવવાની રહેશે. આપે આપના દ્વારા ઉત્પાદિત/વેચાણ થતી ચીજ વસ્તુ ઉપર વેટના કાયદામાં આપેલ દર મુજબ વેરો ચોકસાઈપૂર્વક ઉઘરાવવાની કાળજી લેવી જે માટે અમારી ઓફીસનો જરૂર પડયે સંપર્ક કરવો.

૪, આ સાથે આપેલ નોંધણી પ્રમાણપત્રની અસલ નકલ આપના ધંધાની જગ્યાએ રાખવાની રહેશે.

૫, જો આપ લમસમ સ્કીમમાં જવા ઈચ્છતા હો તો નંબર તારીખથી દિન–૩૦માં નમુના–૨૧૦માં અરજી કરવી ફરજીયાત છે.

૬, આપની પેઢીના માલીક/ભાગીદાર/ડાયરેકર, એડ્રેસ તથા નીચેના નમુના મુજબ ટીન નંબરના રબ્બર સ્ટેમ્પ આપે બનાવવાના રહેશે.

✂- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

| | | | |
|---|---|---|---|
| VAT (TIN) No. | | Date: | |
| CST (TIN) No. | | Date: | |

૭, ત્રિમાસીક કે માસીક વેરો ભરવાની મુદત જે ત્રિમાસીક કે માસ પૂરો થયાના દિવસ—૨૨ છે તથા પત્રક રજૂ કરવાની મુદત—૩૦ દિવસ છે તો જે તે પત્રક સાથે વેરાનું ચલણ જોડવું ફરજીયાત હોઈ વેરો જે તે મુદતમાં ભરી આપવો હિતાવહ છે. વેરાની ગણતરી માટે અમારી ઓફીસે દરમાસની તારીખ—૧૫ સુધીમાં વિગત સાથે આવી જવું તથા ચલણ સાથે તારીખ—૨૫ સુધીમાં આવી જવું. દિન—૨૫ બાદ આવેલા આંકડાના પત્રકોની જવાબદારી અમારી રહેશે નહી.

૮, સમયસર પત્રક ચલણ રજૂ કરનાર વેપારીને જ સરળ આકારણીનો લાભ મળવાપાત્ર છે તેમજ કોઈપણ પ્રકારના ફોર્મસ (જેવાકે... 'સી', 'એચ', '૪૦૨', '૪૦૩' વગેરે...) કસુરદારને મળી શકશે નહીં તે ધ્યાને લેવા વિનંતી.

૯, વેચાણબીલના નમુના માટે ટેક્ષ ઈન્વોઈસ/રીટેઈલ ઈન્વોઈસની નકલ આ સાથે સામેલ છે.

૧૦, આપે દર માસ/ત્રિમાસીકે આ સાથે નિયત નમુનામાં જ ખરીદ/વેચાણના આંકડા ભરીને મોકલવાના રહેશે. તેમજ તેની સાથે ૨૦૧એ(વેચાણ લીસ્ટ) તથા ૨૦૧બી(ખરીદ લીસ્ટ) સામેલ રાખવું ફરજીયાત છે. ખરીદ/વેચાણ કરેલ ન હોય તો પણ ઉકત નમુના નિયત કરેલી વ્યકિતની સહીથી રજૂ કરવા. તેમજ દર ત્રિમાસીક પત્રક સાથે ૨૦૧સી(સ્ટોક પત્રક) આપવું ફરજીયાત છે.

૧૧, અમારૂ બીલ તમોને જે તે વર્ષના અંતે જાન્યુઆરી માસમાં મોકલવામાં આવશે જે માર્ચ પહેલા ચુકવી આપવું.

૧૨, અમોની ઓફીસે રૂબરૂ મળવા માટે અગાઉથી ફોન કરી સમય મેળવી લેવા વિનંતી..

૧૩, જો આપ ગુજરાત રાજય બહાર વેચાણ કરો તો સાથે નમુનો—૪૦૨નું ફોર્મ રાખવુ તેમજ ગુજરાત રાજય બહાર ખરીદી કરો તો નમુનો—૪૦૩નું ફોર્મ મોકલવું ફરજીયાત છે. અન્યથા ચેકપોસ્ટ ઉપર માલ જપ્ત કરવામાં આવશે.

ઉપરોકત વિગતો ગંભીરતાપૂર્વક ધ્યાને લેવા વિનંતી.

આપનો વિશ્વાસુ,

બીડાણઃ—

→ વેટ/કેન્દ્રીય વેચાણવેરા નોંધણી પ્રમાણપત્રની અસલ નકલ
→ ટેક્ષ ઈન્વોઈસ/રીટેઈલ ઈન્વોઈસ(વેચાણ બીલ)ની નકલ
→ નોંધણી નંબરનો રબ્બર સ્ટેમ્પ બનાવવા માટેનો નમુનો
→ ફોર્મ—૪૦૨/૪૦૩ માટે નિર્દિષ્ટ કરેલ ચીજવસ્તુનું લીસ્ટ
→ ખરીદ/વેચાણના આંકડા આપવા માટેનો નિયત નમુનો
→ નમુના—૨૦૧એ, ૨૦૧બી, ૨૦૧સી તથા ડેકલેરેશનની નકલ